# સ્વચ્છ ગાંધીનગર સ્વસ્થ ગાંધીનગર અભિયાન માટે અનુભવ નિચોડવાતો

**માર્ગ અકસ્માત નિવારણ તથા માર્ગ સલામતી વ્યવસ્થા**

હું હરેશ ભટ્ટ, આર્કીટેક્ટ, ૧૯૭૦થી મુખ્ય સ્થપતિ અને નગર નિયોજનશ્રીની કચેરી, પાટનગર યોજના, મા. અને મ. વિભાગમાંથી ૩૦ વર્ષ સેવા આપી હાલ નિવૃત્ત છું. ૧૯૭૦ થી ગાંધીનગરમાં રહું છું. ગાંધીનગરની લગભગ બધી જ સેવાભાવી, સામાજીક, સાંસ્કૃતિક સંસ્થાઓમાં કારોબારીમાં હોદ્દા પર રહી, સક્રિય કામ કરૂ છું. રોટરી કલબ, ગાંધીનગરનો ભૂતપૂર્વ પ્રમુખ (૧૯૮૯-૯૦)

ગાંધીનગર-આંધીનગર મટી શહેર બન્યું - વિકાસ પામ્યું તેમ ટ્રાફીકના-પાર્કિંગના પ્રશ્નો તથા વાહનો વધતાં અકસ્માતના પ્રશ્નો વધતા ગયા છે.

ગાંધીનગર શહેરનું પ્લાનીંગ શ્રી એચ.કે. મેવાડાએ બનાવ્યું ત્યારે એવું વિચારેલું કે દરેક સેક્ટરમાં સેન્ટરમાં શોપીંગ, દવાખાનુ, સ્કૂલો વિ. જરૂરીયાતો રહે, સરકારી મકાનો કર્મચારીઓ માટે રહે અને બહારના ચારેબાજુના ખૂણાઓમાં પ્રાઈવેટ પ્લોટ રહેણાંક માટે રહે. જે હરાજીથી અપાય જેથી સરકારને વિકાસ માટે નાણાં મળે. દરેક સેક્ટરને તેની આજુબાજુના મેઈન રોડથી ફક્ત એક જ એન્ટ્રી મળે સેક્ટર- ફરતે એન્ડ પ્લોટ રહેવાસીના હોય તેથી કમ્પાઉન્ડ વોલથી બંધ રહે. તેથી ગમે ત્યાંથી કોઈ મેઈન રોડ ઉપર નીકળે ન શકે. જે ટ્રાફીક માટે ઘણુ સારૂ હતું.

અમુક સેક્ટરોમાં સેક્ટરની બાઉન્ડ્રી પર કમ્પાઉંડ વોલ બનાવી છે. કોમર્શીયલ (ધંધાદારી) મકાનો માટે ફીક્સ રીઝર્વ જગ્યાઓ રાખી હતી. જેમ કે સેક્ટર-૨૧નું ડિસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, વિશ્વકર્મા શોપીંગ, સેક્ટર-૧૧ તો આખુ કોમર્શીયલ માટે જ છે. સેક્ટર-૬ તથા સેક્ટર-૨૩માં પણ ડિસ્ટ્રીક્ટ શોપીંગ માટે હજુયે રીઝર્વ છે. સેક્ટર-૨૪માં પણ છે. છતાંય રોડ બાજુના છેલ્લા પ્લોટ જે રહેણાંક માટે આપેલા તેમાં શોપીંગ

> સ્વચ્છતા જાળવણી અત્રેના આપનાં સૂચનો, અનુભવોની વાત આવકાર્ય છે. લોકસંસદમાં સહચિંતન માટે આમંત્રણ છે.
> - તંત્રી

કોમ્પલેક્ષ બનાવી દીધા - તેમાં પાર્કીંગ જગ્યા પાસ કરાવી પરંતુ દુકાનો તરીકે વાપરવા લાગ્યા આથી મેઈન રોડ ઉપર હવે ટ્રાફીકની તકલીફ થવા લાગી છે. ખરેખર તો છેલ્લા પ્લોટને સેક્ટરમાંથી જ ફક્ત એક જ એન્ટ્રી આપવાની હતી અને મેઈનરોડ બાજુ ફક્ત કમ્પાઉન્ડવોલ કરવાની હતી તેના બદલે બધી એન્ટ્રી જ મેઈનરોડ પર લીધી ને દુકાનો વપરાવા લાગી - પાર્કીંગ તરીકે પાસ કરાવી છે - તેમના 'ભોગવટા પ્રમાણપત્રો' - જુઓ તો ખબર પડશે. જે હેતુથી તેમને પ્લોટ આપ્યો છે, પ્લાન મંજુર કર્યા છે, જેના માટે ભોગવટા પ્રમાણપત્ર' આપ્યું છે, તે મુજબ કેમ વાપરવા માટે તાકીદ કરાતી નથી.

સેક્ટર-૭-સી, એસટી બસ સ્ટેન્ડ સામેના લગભગ બધાં જ ૯૦ ચો.મી.ના રહેણાંક પ્લોટમાં મીની સિવિલ હોસ્પિટલ-દુકાનો બની ગઈ છે. તેના લીધે ટ્રાફીકની તથા આજુબાજુના રહેવાસીઓની તકલીફો કોઈ સાંભળતું નથી. એસટી નો ટ્રાફીક રોડ નં. ૩ ઉપર તો હોય જ. જેમાં આ દવાખાનાના લીધે લોકો ફૂટપાથ પાસે માટી નાંખી ટુ વ્હીલર, થ્રી વ્હીલર અરે ગાડીઓ પણ જઈ શકે તેવી વ્યવસ્થા કરી દીધી છે.

બધા જ સેક્ટરોમાં મેઈન રોડ બાજુના પ્લોટ - રહેણાંક માટે ફાળવેલા હોવાં છતાં કોમર્શીયલ બની ગયા છે. આજ મોટુ દૂષણ છે - ટ્રાફીક પ્રોબ્લેમ ત્યાંથી શરૂ થયો છે.

દરેક પ્લોટ જે સેક્ટરની ફરતે મેઈન રોડ તરફ પડે છે ત્યાં ફેન્સીંગ કે કમ્પાઉન્ડ વોલ કરી બંધ કરાવી દેવો જોઈએ. સરકાર-પોલીસ નિયમો બનાવે છે પરંતુ તેનો ચુસ્ત અમલ કરાવાતો નથી. વિદેશમાં અને અહિં આ જ તફાવત છે. ત્યાં દંડની બીકે બધાં નિયમો પાળે છે. એક વાત ખૂબ ગમી - સરકારે કે ટ્રાફીક પોલીસે દરેક રોડ પાસે 'ફૂટપાથ' બનાવડાવી છે તેના લીધે ઘણો લાભ થયો છે. ફૂટપાથને લીધે કોઈ વ્હીકલ ગમે ત્યાંથી મેઈન રોડ ઉપર આવી શકતું નથી. ભલે બધાને ફરીને જવું પડે છે પરંતુ ટ્રાફિક નિયમન માટે તે ઘણું સારૂ થયું છે.

જંગલખાતા તરફથી સેક્ટરની ફરતે, ખુલી જગ્યા જે ભવિષ્યમાં પ્લોટ માટે રીઝર્વ રાખી છે તેમાં ટ્રી પ્લાન્ટેશન કરાય છે અને ફૂટપાથને અડીને વાયર ફેન્સીંગ કરાય છે તેના લીધે પણ અકસ્માતના ચાન્સ ઘટી જાય છે. લોકોની અવરજવર કન્ટ્રોલમાં આવી છે. પરંતુ સેક્ટરની ચારેબાજુ જે ખુલ્લી જગ્યા-રીઝર્વ રાખી છે તેમાં ગરીબો-મજૂરો-વિ. ઝુંપડા બાંધીને રહે છે. પર્યાવરણ બગાડે છે - ઝાડ કાપી-ચૂલા સળગાવી ધૂમાડા કરે છે. મેઈન રોડ તથા સેક્ટરની મેઈન એન્ટ્રી આગળ આવી ગંદકી બધાં જુએ છે. છતાં કોઈ તેમને હટાવતુ નથી. ઝુંપડા અને લારી-ગલ્લાથી દરેક સેક્ટરમાં સ્પાગત થાય છે. જે ટ્રાફીક માટે અડચણરૂપ બને છે. જંગલખાતાની ફેન્સિંગ છ-બાર મહિનામાં ઝુંપડાવાળા જ તોડી નાંખે છે અંદર ઝુંપડા બનાવી રહે છે - ગંદકી કરે છે. ફૂટપાથ તથા પાર્કિંગ બનાવી સરકાર હાશ અનુભવે છે. પરંતુ લોકો ફૂટપાથ પાસે માટી કે ઢાળ બનાવી વાહનોની અવરજવર કરતા રહે છે. કોઈ તેમને પકડતુ નથી કે દંડ કરતુ નથી.

અરે ફૂટપાથ લારી-ગલ્લાવાળા માટે બનાવી છે એવું લાગે છે. ફૂટપાથ ઉપર નાસ્તાની, સીડીવાળા, ચા-વાળા ધંધો કરે છે. તેના લીધે ટૂ વ્હીલરવાળા તેની આજુબાજુ બેસી રહે છે. તેથી ગાડી માટે બનાવેલું પાર્કિંગ વપરાતુ નથી અને ગાડીઓને રોડ ઉપર ઉભી રાખવી

> **લોકસંસદ**
> આવો, સહચિંતન કરીએ
> **જ્યોતીન્દ્ર દવે**
> મો : ૯૭૨૬૦૬૦૬૭૩
> Email : jyotindradave@gmail.com

પડે છે.

સરકારે પાર્કિંગ બનાવી દીધુ - પછી તેને મેઈનટેન કરાવાનું કોણ ? ટુ વ્હીલરવાળા- ફોર વ્હીલરમાં પાર્ક કરે તેથી ગાડીની જગ્યા બગાડે છે.

સેક્ટર-૧૧ના કોમર્શીયલ બ્લોક આગળ આજ સમસ્યા નડે છે. તેમાં કોમ્પલેક્ષના પાર્કિંગ ખાલી કરાવવા જોઈએ. જ્યાં ટુ વ્હિલરની જગ્યા બનાવી છે ત્યાં જ તેમને પાર્ક કરવા ફરજ પાડવી જોઈએ.ગાડીઓની પાર્કિંગ જગ્યામાં દરેક ગાડી મુકાય તેવા પટ્ટા કરવા જોઈએ, તેમાં બીજો કોઈ પાર્કિંગ ન કરે - રીક્ષા પણ નહી અને ફૂટપાથ ઉપર લારી-ગલ્લાવાળાને ભગાડવા જોઈએ જેથી પબ્લીક ત્યાં ભેગી થઈ પાર્કિંગની જગ્યા બગાડે નહિ. એક અઠવાડિયુ - ટ્રાફિક પોલીસની ટીમ ત્યાં મુકી નિયમ ભંગ કરનારને દંડ કરવો જોઈએ. બધાં લારી ગલ્લાવાળાને કોઈ મોટી ખુલ્લી જગ્યામાં એક જ જગ્યાએ રાખવા દેવા જોઈએ. આવુ જ સેક્ટર-૨૧ શાકમાર્કેટ, ડિસ્ટ્રીક્ટ શોપીંગ બધે થાય છે. લારીગલ્લાવાળા રોડ ઉપર, ફૂટપાથ ઉપર, પાથરણાવાળા બધાં રોડ રોકી લે છે. ચાલવાની જગ્યા પણ રહેતી નથી. ચારેબાજુ પાર્કિંગ જગ્યા બનાવી છે છતાં રોડ ઉપર જ બધા પાર્ક કરે છે. માર્કેટમાં તો ફક્ત સાંજે જ આ મુશ્કેલી છે. તેટલા સમય માટે ચુસ્તપણે ફરજ બજાવી- દંડ કરાય તો જ લોકો સમજશે.

એવો નિયમ જ બનાવવો જોઈએ કે 'રોડ અથવા 'પૂથપાથ' પર દબાણ કરનારને જેલ થશે તો જ આ દૂષણ અટકશે.

દરેક સેક્ટરમાં લારી-ગલ્લા માટે ખુલ્લી જગ્યા ફાળવવી જોઈએ. તેમને મ્યુનિસિપાલિટીનું લાયસન્સ-ફી સાથે જગ્યા આપવી જોઈએ. તમામ લારી-ગલ્લા ત્યાં એક જ જગ્યાએ વેપાર કરે, ગંદકી ન થવી જોઈએ. ધંધો પતાવીને લારી-ગલ્લો લઈ જવો જોઈએ. સે. ૭ના શાકમાર્કેટના લારીવાળા એક જ જગ્યાએ ઉભા રહી ધંધો કરે છે. રાત્રે જગ્યા ખાલી કરે છે.

સે. ૭ના મેઈન શોપીંગમાં જ્યાં સૌથી વધુ ટ્રાફિક રહે છે ત્યાં શોપીંગની આજુબાજુ ઊંચા ઓટલા કર્યા છે. ખંડેર જેવા થઈ ગયા છે. રોડથી ડાબી-જમણી જવા ખૂણા આપી રાખ્યા છે. ટ્રાફીક માટે કોર્નર ગોળાકાર રાખવા જોઈએ તે કર્યા નથી. સે. ૭ સુવિધા સેન્ટરની કમ્પાઉન્ડ વોલને ગોળાઈ આપી નથી. સામે ગાર્ડનને ફેન્સિંગને ગોળાઈ કરી નથી. શોપીંગના ઓટલાને તોડી રોડ લેવલે કરવા જોઈએ જેથી ટૂ વ્હીલર-ફોર વ્હીલર પાર્કીંગ કરી શકે - હાલ રોડ ઉપર પાર્ક કરે છે જેથી ટ્રાફિક સમસ્યા ઉભી થાય છે.

સરકાર પ્લોટ આપે છે તો ખૂણાના પ્લોટને ૨૫-૨૫ મી. નો સ્પ્લે કરવા કહે છે જેથી કોર્નર ટ્રાફીક માટે અનુકૂળ રહે. જ્યારે ટ્રાફીકથી ધમધમતા સે. ૭ના સુવિધા

● અનુસંધાન પાના - ૭ પર




આજે સંકટમોચનના પાવન પર્વે ગાંધીનગરથી લગભગ ૭૦ કિ.મી. દૂર આવેલ અતી પ્રાચીન મંદિર શ્રી રૂદાતલા ગણેશના દર્શનાર્થે ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

# ફિકસ પગારદાર કર્મચારી વાલી મંડળના ધરણાં

## 'સમાન કામ, સમાન વેતન' મુજબ પૂરો પગાર કરવા અને સરકારી નોકરીઓ માટે વયમર્યાદા વધારવા માંગણી : સત્વરે ઉકેલ નહીં આવે તો જલદ આંદોલનની ચિમકી

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત રાજય ફિકસ પગારદાર કર્મચારી વાલી મંડળ દ્વારા આજે પથિકાશ્રમ સર્કલ પાસે સત્યાગ્રહ છાવણી ખાતે એક દિવસીય ધરણાંનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. રાજય સરકાર દ્વારા ફિકસ પગારદાર કર્મચારીઓની પડતર માંગણીઓના સંદર્ભે ધરણાં કરવામાં આવ્યા હતા.

ગુજરાત સરકાર દ્વારા ફિકસ પગાર ધોરણથી નિયુકત કરવામાં આવેલ કર્મચારીઓની હાલત કાળઝાળ મોંઘવારીને કારણે કફોડી બની જવા પામી છે. આથી આ કર્મચારીઓના વાલીઓના મંડળે રાજય સરકાર સમક્ષ પુરા વેતનની માંગણી કરેલ હતી. નાણામંત્રી પાસે રૂબરૂ રજુઆત કરવા ગયેલા આ મંડળને હાલ રાજયની તિજોરી ખાલી હોઈ તેના પર વધુ બોજો લાદી શકાય તેમ નથી તેવો જવાબ મળ્યો હતો. આ સંદર્ભે ધરણાં દરમિયાન કર્મચારી વાલી મંડળ દ્વારા ગત વિધાનસભાની ચુંટણીઓમાં મુખ્યમંત્રીએ ગુજરાતની સમૃધ્ધ તિજોરી પર કોઈને પંજો નહીં પડવા દઉં કહેલું તે યાદ કરતા સવાલ કર્યો હતો કે માત્ર છ માસમાં તિજોરી ખાલી કેવી રીતે થઈ ગઈ? મંડળે તેવી દલીલ કરી હતી કે ફિકસ પગારના કર્મચારીઓને પણ ઘર કુટુંબની જવાબદારી નિભાવવાની હોઈ આ મોંઘવારીમાં તેમની હાલત કફોડી બની જાય છે. વળી સુરાજય અને સુશાસનની વાતો કરતા મુખ્યમંત્રીને 'સમાન કામ, સમાન વેતન' પ્રમાણે સમાનતાનો સિધ્ધાંત અપનાવ્યા વગર સુશાસન કેવી રીતે આવી શકે તેવો પ્રશ્ન કર્યો હતો.

ગુજરાત રાજય ફિકસ પગારદાર કર્મચારી વાલી મંડળ ફિકસ વેતનધારી કર્મચારીઓને પૂરા પગાર માટે લડત ચલાવી રહ્યા છે. આ ઉપરાંત તેઓ સરકારી નોકરીઓ માટેની વય મર્યાદા ગુજરાતમાં અન્ય રાજયોની સરખામણીએ ખૂબ ઓછી હોઈ તેને વધારવા પણ માગણી કરી રહ્યા છે. અન્ય રાજયોમાં સરકારી નોકરી માટેની વય મર્યાદા ૪૦ વર્ષની છે જે ગુજરાતમાં માત્ર ૩૦ વર્ષની છે

● અનુસંધાન પાના ૭ પર

# ગુજરાતના પેન્શનરોને સરકાર ઓળખકાર્ડ આપે : નિવૃત્ત કર્મચારી મહામંડળ

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત રાજયના ચાર લાખ પેન્શનરોને રાજય બહાર સરકારી ક્ષેત્રે આગવી ઓળખ મળે તે માટે ગુજરાત રાજય નિવૃત્ત કર્મચારી મહામંડળ દ્વારા ઓળખકાર્ડ આપવાની માંગણી કરવામાં આવી છે.

સરકારી ક્ષેત્રે નોકરી કરતો નિવૃત્ત પેન્શનરોની પાસે આધારકાર્ડ, પાનકાર્ડ, સિનિયર સિટિઝન પાસ હોય છે. તેવી જ રીતે પેન્શનરોને પી.પી.ઓ નંબર, જન્મતારીખ, બેંક ખાતા નંબર સહિતની માહિતી એક જ કાર્ડમાં આપવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.

આગામી લોકસભાની ચુંટણી પહેલા ઓળખકાર્ડ આપવામાં આવે જેથી પેન્શનરોની આગવી ઓળખ ઉભી થાય તેમ રાજય નિવૃત્ત કર્ચમારી મંડળ, ગાંધીનગર અને વડોદરાએ સંયુકત યાદીમાં જણાવ્યું છે.



**ચિલોડા મોટા ખાતે પલ્સ પલિયો રસીકરણ કાર્યક્રમ યોજાયો**

બે બુંદ જિંદગી કે લિયે, પોલીયે મુકત અભિયાન, ઝુંબેશના ભાગરૂપે જિલ્લામાં પલ્સ પોલિયો રસીકરણ અન્વયે ચિલોડા મોટા ખાતે ચિલોડા ગ્રામ પંચાયતમાં બુથની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઉપરાંત ચિલોડા સર્કલ પાસે એસ.ટી. સ્ટેન્ડ તથા વિવિધ કોમ્પ્લેક્ષો નજીક પલ્સ પોલિયો રસીકરણના બુથ કેન્દ્ર ઉભા કરવામાં આવ્યા હતા. ચિલોડા સર્કલ પાસે બુથ પર કામ કરતા કર્મચારીઓ રસ્તામાં પસાર થતા નાના ભુલકાંઓને બે ટીપાં પીવડાવી અભિયાનને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. જયારે ચિલોડા ગ્રામ પંચાયતના બુથ પર વધુ બાળકોને આવરી પોલિયો રસીકરણને સારી સફળતા મળી હતી. (તસવીર : નટુભાઈ પટેલ)

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૮
સૂર્યાસ્ત : ૬.૧૨

## તાપમાન

મહત્તમ : ૨૫.૦૦ ડિ.સે.
લઘુત્તમ : ૦૯.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૬ ટકા ● સાંજે ૩૪ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ધ લીજેન્ડ ઓફ હરક્યુલસ ૩-ડી(હિન્દી) : ૯.૪૫, ૧૨.૦૦, ૨.૧૫, ૮.૩૦, ૧૦.૪૫
શોલે -૩ડી : ૪.૩૦
: સ્ક્રીન-૨ :
યારીયા : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૯.૪૫
કરલે પ્યાર કરલે : ૭.૧૫
: સ્ક્રીન-૩ :
દેઢ ઈશ્કિયા : ૧૦.૧૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
કરલે પ્યાર કરલે: ૧૨.૧૫, ૬.૪૫
: સ્ક્રીન-૪ :
કરલે પ્યાર કરલે : ૯.૩૫
મીસ લવલી : ૧૨.૦૫, ૬.૦૦
ધૂમ-૩ : ૨.૩૦, ૧૦.૦૦

### સીટી પ્લસ

: સ્ક્રીન-૧ :
કરલે પ્યાર કરલે : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૪૫
: સ્ક્રીન-૨ :
યારીયા : ૩.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
વન ટાયરેકશન (અંગ્રેજી) ૩ડી : ૧૨.૪૫, ૬.૪૫
શોલે-૩ડી : ૩.૦૦, ૯.૦૦
: સ્ક્રીન-૪ :
યારીયા : ૧૦.૦૦ ● ધૂમ-૩ : ૧૨.૪૫, ૬.૪૫
વીરમ (તમિલ) : ૧૦.૦૦
: સ્ક્રીન-૫ :
દેઢ ઈશ્કિયા : ૧૦.૦૦
યારીયા : ૧૨.૪૫, ૬.૪૫ ● ધૂમ-૩ : ૩.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૬ :
યારીયા : ૧૨.૪૫ ● મિ. જોબી કરવાલો : ૪.૦૦
ધૂમ-૩ : ૬.૪૫ ● દેઢ ઈશ્કિયા : ૯.૪૫

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
યારીયા : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
: સ્ક્રીન-૨ :
કરલે પ્યાર કરલે : ૧૧.૦૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ધ લીજન્ડ ઓફ હરકયુલસ :૧૧.૧૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

### સૂર્યા, વાવોલ

કરલે પ્યાર કરલે : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મારા રાજ ઠાકોરની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
યારીયા : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
ધ લીજન્ડ ઓફ હરકયુલસ : ૧૧.૦૦, ૪.૩૦, ૯.૩૦
હાથી મેરે સાથી : ૧.૩૦, ૭.૩૦
: સ્ક્રીન-૩ :
હાથી મેરે સાથી : ૧૧.૧૫, ૫.૦૦
કરલે પ્યાર કરલે : ૨.૦૦ ૮.૦૦, ૧૦.૧૫

### ચિરાગ સિનેમા(કલોલ)

કરલે પ્યાર કરલે :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : આપ કોઈપણ પ્રકારના વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે. કુટુંબના સભ્યો સાથે મતભેદ ન થાય તેની કાળજી રાખવી.

**વૃષભ** : મિત્રો અને કુટુંબના સભ્યો સહિત પોતાની આંતરિક પ્રસન્નતા.આવક- ખર્ચમાં સંતોલન રહેશે. કાર્યક્ષમતામાં વૃદ્ધિ

**મિથુન** : આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા. કુટુંબીજનો સાથે સામજસ્ય બન્યું રહેવાની સંભાવના છે.

**કર્ક** : તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે. જમીન- મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

**કન્યા** : પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થવાની સંભાવના છે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે.

**તુલા** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ કાર્ય થશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે.

**વૃશ્ચિક** : વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવવાની સંભાવના છે.

**ધન** : અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે.

**મકર** : સ્થાયી મિલકત, વાહન ખરીદીનો યોગ બને છે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**કુંભ** : સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે.

**મીન** : કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થશે. વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનો યોગ બને છે.

## ચિરવિદાય

- સ્વ. રઘુનાથભાઈ માધવલાલ બારોટ (ઉ.વ. ૮૯) પ્લોટ નં. ૭૫૫, સેક્ટર-૨૧, ગાંધીનગર.
- સ્વ. કાન્તાબેન મફતલાલ પારેખ (ઉ.વ. ૫૮) પ્લોટ નં. ૮૬૧/૨, સેક્ટર-૧૩/એ, ગાંધીનગર.
- સ્વ. હેમલત્તાબેન અશોકકુમાર શાહ (ઉ.વ. ૬૭) પ્લોટ નં. ૧૨૨૩, શિવમ સોસાયટી, સેક્ટર-૨૭, ગાંધીનગર.

# ધનુર્માસ બાદ જિલ્લામાં લગ્નસરાની મોસમ પુરજોશમાં





ગાંધીનગર જિલ્લામાં સારા લગ્ન મુહુર્તના યોગ સર્જાતા તથા કમુર્તા ઉતરતા હવે ઉત્તરાયણ બાદ લગ્નસરાની મોસમ પુરબહારમાં ખીલી ઉઠી છે. હવે જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં વસંતપંચમી સુધી વધુ લગ્નઈચ્છુકો તથા નવયુગલો પ્રભુતામાં પગલાં માંડવા થનગનાટ અનુભવી રહ્યા છે. આ વર્ષે મુહુર્ત નહીંવત હોવાથી એક સાથે લગ્નોમાં સ્નેહીજનો, મિત્રમંડળ અને સગાસંબંધીને હાજરી આપવાનું મુશ્કેલ બન્યું છે. હાલમાં ઠંડીની મોસમમાં લગ્નરસિકો ઠંડીથી ઠુંઠવાતા ગરમવસ્ત્રો પહેરી હાજરી આપવા મજબુર બન્યા છે. આમ જિલ્લાના પુર્વ વિસ્તારમાં અનેક લગ્નોત્સવ માણવામાં વૈભવી ઠાઠમાઠના દશ્યો દ્દષ્ટિમાન થઈ રહ્યા છે. હાલમાં જાન્યુઆરી માસમાં છૂટાછવાયા લગ્ન મુર્હુત પ્રમાણે લગ્નપ્રસંગો ઉજવાઈ રહ્યા છે. જયારે આગામી વસંતપંચમીએ અનેક સમાજ દ્વારા સમુહલગ્નો માટે પૂર્વ તૈયારી આરંભાઈ રહી છે. જયારે લગ્નસરાની મોસમમાં અનેક સ્થળે લગ્ન સમારંભો, ગોરમહારાજ, કેટર્સ, ડેકોરેશનની માંગ વધી રહી છે. રાત્રી રીસેપ્શનના આયોજનમાં અનેક લગ્નરસિકો ઠંડીમાં ભારે દોડધામ કરી ઉત્સવ માણવા તલપાપડ બન્યા છે. (તસવીર : નટુભાઈ પટેલ)